**26.03.2020** પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા **મધુબન**

**" મીઠા બાળકો - જેમ આપ આત્માઓને આ શરીરરુપી સિંહાસન મળ્યું છે , એમ બાપ પણ આ દાદાનાં સિંહાસન પર વિરાજમાન છે , એમને પોતાનું સિંહાસન નથી "**

**પ્રશ્ન :-** જે બાળકોને ઈશ્વરીય સંતાનની સ્મૃતિ રહે છે તેમની નિશાની શું હશે?

**ઉત્તર :-** તેમનો સાચો લવ (પ્રેમ) એક બાપથી હશે. ઈશ્વરીય સંતાન ક્યારેય પણ લડશે, ઝઘડશે નહીં. તેમની કુદૃષ્ટિ ક્યારેય નથી થઇ શકતી. જ્યારે બ્રહ્માકુમાર-કુમારી અર્થાત્ બહેન-ભાઈ બન્યાં તો ગંદી દૃષ્ટિ જઈ નથી શકતી.

**ગીત :-** છોડ ભી દે આકાશ સિંહાસન…...

**ઓમ શાંતિ !** હવે બાળકો જાણે છે બાબાએ આકાશ સિંહાસન છોડીને હવે દાદાનાં તનને પોતાનું સિંહાસન બનાવ્યું છે, એ છોડીને અહીં આવીને બેઠાં છે. આ આકાશ તત્વ તો છે જીવ આત્માઓનું સિંહાસન. આત્માઓનું સિંહાસન છે તે મહતત્વ, જ્યાં તમે આત્માઓ શરીર વગર રહેતી હતી. જેમ આકાશમાં તારાઓ ઉભાં છે ને, એવી રીતે તમે આત્માઓ પણ ખૂબ નાની-નાની ત્યાં રહો છો. આત્માને દિવ્ય દૃષ્ટિ વગર જોઈ નથી શકતાં. આપ બાળકોને હમણાં આ જ્ઞાન છે, જેમ સ્ટાર (તારાઓ) કેટલાં નાનાં છે, તેમ આત્માઓ પણ બિંદુ જેવી છે. હવે બાપે સિંહાસન તો છોડી દીધું છે. બાપ કહે છે તમે આત્માઓ પણ સિંહાસન છોડીને અહીંયા આ શરીરને પોતાનું સિંહાસન બનાવો છો. મને પણ જરુર શરીર જોઈએ. મને બોલાવો છો જ જૂની દુનિયામાં. ગીત છે ને-દૂર દેશનાં રહેવાવાળા…..આપ આત્માઓ જયાં રહો છો એ છે આપ આત્માઓ અને બાબા નો દેશ. પછી તમે સ્વર્ગમાં જાઓ છો, જેની બાબા સ્થાપના કરાવે છે. બાપ પોતે તે સ્વર્ગમાં નથી આવતાં. પોતે તો વાણીથી પરે વાનપ્રસ્થ માં જઈને રહે છે. સ્વર્ગમાં એમની દરકાર નથી. એ તો દુઃખ-સુખ થી ન્યારા છે ને. તમે તો સુખમાં આવો છો, તો દુઃખમાં પણ આવો છો.

હમણાં તમે જાણો છો, અમે બ્રહ્માકુમાર-કુમારીયો બહેન-ભાઈ છીએં. એક-બીજામાં કુદૃષ્ટિ નો વિચાર પણ ન આવવો જોઈએ. અહીંયા તો તમે બાપનાં સમ્મુખ બેઠાં છો, આપસમાં બહેન-ભાઈ છો. પવિત્ર રહેવાની યુક્તિ જુઓ કેવી છે. આ વાતો કોઈ શાસ્ત્રોમાં નથી. બધાનાં બાબા એક છે, તો બધાં બાળકો થઈ ગયા ને. બાળકોએ આપસમાં લડવું-ઝઘડવું પણ ન જોઈએ. આ સમયે તમે જાણો છો આપણે ઈશ્વરીય સંતાન છીએ, પહેલાં આસુરી સંતાન હતાં, પછી હવે સંગમ પર ઈશ્વરીય સંતાન બન્યાં છીએ, પછી સતયુગમાં દૈવી સંતાન હોઈશું. આ ચક્રની બાળકોને ખબર પડી છે. તમે બ્રહ્માકુમાર-કુમારીયો છો પછી ક્યારેય કુદૃષ્ટિ જશે નહીં. સતયુગમાં કુદૃષ્ટિ હોતી નથી. કુદૃષ્ટિ રાવણ રાજ્યમાં હોય છે. આપ બાળકોને સિવાય એક બાપનાં બીજા કોઈની યાદ ન રહેવી જોઈએ. સૌથી વધારે એક બાપ થી લવ થઈ જાય. મારાં તો એક શિવબાબા બીજું ન કોઈ. બાપ કહે છે-બાળકો હવે તમારે શિવાલયમાં જવાનું છે. શિવબાબા સ્વર્ગની સ્થાપના કરી રહ્યાં છે. અડધોકલ્પ રાવણ રાજ્ય ચાલ્યું છે, જેનાથી દુર્ગતિને પામ્યાં છો. રાવણ શું છે, તેને કેમ બાળે છે, આ પણ કોઈ નથી જાણતું. શિવબાબા ને પણ નથી જાણતાં. જેમ દેવીઓને સજાવીને, પૂજા કરીને, ડુબાડે છે, શિવબાબાનું પણ માટીનું લિંગ બનાવી પૂજા વગેરે કરી પછી માટી, માટીમાં મળાવી દે છે, એમ રાવણને પણ બનાવીને પછી બાળી દે છે. સમજતાં કાંઈ પણ નથી. કહે પણ છે હમણાં રાવણ રાજ્ય છે, રામ રાજ્ય સ્થાપન થવાનું છે. ગાંધીજી પણ રામ રાજ્ય ઇચ્છતા હતાં, તો તેનો મતલબ રાવણ રાજ્ય છે ને. જે બાળકો આ રાવણ રાજ્યમાં કામ ચિતા પર બેસીને બળી ગયા હતાં, બાપ આવીને ફરીથી તેમનાં પર જ્ઞાન વર્ષા કરે છે, બધાનું કલ્યાણ કરે છે. જેમ સૂકી જમીન પર વરસાદ પડવાથી ઘાસ ઉગી આવે છે ને, તમારાં પર પણ જ્ઞાન ની વર્ષા ન થવાથી કેટલાં કંગાળ બની ગયા હતાં. હવે ફરી જ્ઞાન વર્ષા થાય છે જેનાથી તમે વિશ્વનાં માલિક બની જશો. ભલે આપ બાળકો ગૃહસ્થ વ્યવહારમાં રહો છો પરંતુ અંદરમાં ખુબ ખુશી રહેવી જોઈએ. જેમ કોઇ ગરીબનાં બાળકો ભણે છે તો ભણવાથી બેરિસ્ટર વગેરે બની જાય છે. તે પણ મોટા-મોટાની સાથે બેસે છે, ખાએ-પીવે છે. ભીલડી ની વાત પણ શાસ્ત્રોમાં છે ને.

આપ બાળકો જાણો છો જેમણે સૌથી વધારે ભક્તિ કરી છે તેજ સૌથી વધારે જ્ઞાન આવીને લેશે. સૌથી વધારે શરુ થી લઈને તો આપણે ભક્તિ કરી છે. પછી આપણને જ બાબા સ્વર્ગમાં પહેલાં-પહેલાં મોકલી દે છે. આ છે જ્ઞાન યુક્ત યથાર્થ વાત. બરાબર આપણે જ પહેલાં પૂજ્ય હતાં પછી પૂજારી બનીએ છીએ. નીચે ઊતરતાં જઈએ છીએ. બાળકોને બધું જ્ઞાન સમજાવાય છે. આ સમયે આ આખી દુનિયા નાસ્તિક છે, બાપને નથી જાણતાં. નેતી-નેતી કહી દે છે. આગળ ચાલીને આ સંન્યાસી વગેરે બધાં આવીને આસ્તિક જરુર બનશે. કોઈ એક સન્યાસી આવી જાય તો પણ તેમનાં પર બધાં વિશ્વાસ થોડી કરશે. કહેશે આમનાં પર બી.કે. એ જાદુ કર્યું છે. તેમનાં ચેલાને ગાદી પર બેસાડી તેમને ઉડાવી દેશે. એવાં ઘણાં સન્યાસી તમારી પાસે આવ્યાં છે, પછી ખોવાય જાય છે. આ છે ખુબ વન્ડરફુલ ડ્રામા. હમણાં આપ બાળકો આદિ થી લઈને અંત સુધી બધું જાણો છો. તમારા માં પણ નંબરવાર પુરુષાર્થ અનુસાર ધારણ કરી શકે છે. બાપની પાસે બધું જ્ઞાન છે, તમારી પાસે પણ હોવું જોઈએ. દિવસ-પ્રતિદિવસ કેટલાં સેવાકેન્દ્ર ખુલતાં રહે છે. બાળકોએ ખુબ રહેમદિલ બનવાનું છે. બાપ કહે છે પોતાનાં ઉપર પણ રહેમદિલ બનો. બેરહેમી નહીં બનો. પોતાનાં ઉપર રહેમ કરવાનો છે. કેવી રીતે? તે પણ સમજાવતાં રહે છે. બાપ ને યાદ કરી પતિત થી પાવન બનવાનું છે. પછી ક્યારેય પતિત બનવાનો પુરુષાર્થ નથી કરવાનો. દૃષ્ટિ ખૂબ સારી જોઈએ. આપણે બ્રાહ્મણ ઈશ્વરીય સંતાન છીએં. ઈશ્વર એ આપણને એડોપ્ટ કર્યા છે ને. હવે મનુષ્ય થી દેવતા બનવાનું છે. પહેલાં સૂક્ષ્મવતનવાસી ફરિશ્તા બનશું. હમણા તમે ફરિશ્તા બની રહ્યાં છો. સૂક્ષ્મવતનનું પણ રહસ્ય બાળકને સમજાવ્યું છે. અહીંયા છે ટોકી, સૂક્ષ્મવતન માં છે મુવી, મૂળવતન માં છે સાઈલેન્સ (શાંતિ). સૂક્ષ્મવતન છે ફરિશ્તાઓનું. જેમ ઘોસ્ટ (ભૂત) ને છાયાનું શરીર હોય છે. આત્માને શરીર નથી મળતું તો ભટકતી રહે છે, તેને ઘોસ્ટ કહેવાય છે. તેને આ આંખોથી પણ જોઈ શકાય છે. આ પછી છે સૂક્ષ્મવતનવાસી ફરિશ્તાઓ. આ બધી વાતો ખૂબ સમજવાની છે. મૂળવતન, સૂક્ષ્મવતન, સ્થૂળવતન - આનું તમને જ્ઞાન છે. હરતાં-ફરતાં બુદ્ધિમાં આ બધું જ્ઞાન રહેવું જોઈએ. આપણે અસલમાં મૂળવતનનાં રહેવાસી છીએં. હવે આપણે ત્યાં જઈશું વાયા સૂક્ષ્મવતન. બાબા સૂક્ષ્મવતન આ સમયે જ રચે છે. પહેલાં સૂક્ષ્મ પછી સ્થૂળ જોઈએ. હમણાં આ છે સંગમયુગ. આને ઈશ્વરીય યુગ કહેશું, તેને દૈવીયુગ કહેશું. આપ બાળકોને કેટલી ખુશી હોવી જોઈએ. કુદૃષ્ટિ જાય છે પછી ઊંચ પદ પામી ન શકે. હમણાં તમે બ્રાહ્મણ-બ્રાહ્મણીઓ છો ને. પછી ઘરે જવાથી ભૂલી ન જવું જોઈએ. તમે સંગદોષ માં આવીને ભૂલી જાઓ છો. તમે હંસ ઈશ્વરીય સંતાન છો. તમારી કોઈમાં પણ આંતરિક રગ ન જવી જોઈએ. જો રગ જાય છે તો કહેવાશે મોહ ની વાંદરી.

તમારો ધંધો જ છે બધાને પાવન બનાવવાં. તમે છો વિશ્વને સ્વર્ગ બનાવવા વાળા. ક્યાં તે રાવણની આસુરી સંતાન, ક્યાં તમે ઈશ્વરીય સંતાન. આપ બાળકોએ પોતાની અવસ્થા એકરસ બનાવવાં માટે બધું જોવાં છતાં પણ જેમ કે જોતાં જ નથી, આ અભ્યાસ કરવાનો છે. આમાં બુદ્ધિને એકરસ રાખવી હિંમતની વાત છે. પરફેક્ટ (સંપૂર્ણ) થવામાં મહેનત લાગે છે. સંપૂર્ણ બનવામાં સમય જોઈએ. જ્યારે કર્માતીત અવસ્થા થાય ત્યારે તે દૃષ્ટિ બેસે, ત્યાં સુધી કાંઈ ને કાંઈ ખેંચ થતી રહેશે. આમાં બિલકુલ ઉપરામ થવું પડે છે. લાઈન ક્લિયર (સ્પષ્ટ) જોઈએ. જોવાં છતાં તમે જોતાં જ નથી, એવો અભ્યાસ જેમનો હશે તેજ ઊંચ પદ પામશે. હમણાં તે અવસ્થા થોડી છે. સન્યાસી તો આ વાતોને સમજતાં પણ નથી. અહીંયા તો ખૂબ મહેનત લાગે છે. તમે જાણો છો આપણે પણ આ જૂની દુનિયાનો સન્યાસ કરી બેઠાં છીએં. બસ આપણે તો હવે સ્વીટ સાઈલેન્સ હોમમાં જવાનું છે. બીજા કોઈની બુદ્ધિમાં નથી જેટલું તમારી બુદ્ધિમાં છે. તમે જ જાણો છો હવે પાછાં જવાનું છે. શિવ ભગવાનુવાચ પણ છે - એ પતિત-પાવન, લિબરેટર (મુક્તિદાતા), ગાઈડ (માર્ગદર્શક) છે. કૃષ્ણ કોઈ ગાઈડ નથી. આ સમયે તમે પણ બધાને રસ્તો બતાવાનું શીખો છો, એટલે તમારું નામ પાંડવ રાખ્યું છે. તમારી પાંડવોની સેના છે. હમણાં તમે દેહી-અભિમાની બન્યાં છો. જાણો છો હવે પાછું જવાનું છે, આ જૂનું શરીર છોડવાનું છે. સાપનો દૃષ્ટાંત, ભ્રમરી નો દૃષ્ટાંત, આ બધાં છે તમારાં આ સમયનાં. તમે હમણાં પ્રેક્ટિકલમાં છો. તેઓ તો આ ધંધો કરી ન શકે. તમે જાણો છો આ કબ્રિસ્તાન છે, હવે ફરી પરિસ્તાન બનવાનું છે.

તમારે માટે બધાં દિવસ લકી (ભાગ્યશાળી) છે. આપ બાળકો સદેવ લકી છો. ગુરુવારનાં દિવસે બાળકોને સ્કૂલમાં બેસાડે છે. આ રિવાજ ચાલી આવે છે. તમને હમણાં વૃક્ષપતિ ભણાવે છે. આ બૃહસ્પતિની દશા તમારી જન્મ-જન્માંતર ચાલે છે. આ છે બેહદની દશા. ભક્તિમાર્ગ માં હદની દશાઓ ચાલે છે, હમણાં છે બેહદની દશા. તો પૂરી રીતે મહેનત કરવી જોઈએ. લક્ષ્મી-નારાયણ કોઈ એક તો નથી ને. તેમની તો ડિનાયસ્ટી હશે ને. જરુર ઘણાં રાજ્ય કરતાં હશે. લક્ષ્મી-નારાયણની સૂર્યવંશી ડિનાયસ્ટીનું રાજ્ય ચાલ્યું છે, આ વાતો પણ તમારી

બુદ્ધિમાં છે. આપ બાળકોને આ પણ સાક્ષાત્કાર થયો છે કે કેવી રીતે રાજ-તિલક આપે છે. સૂર્યવંશી પછી ચંદ્રવંશી ને કેવી રીતે રાજ્ય આપે છે. માં-બાપ બાળકોનાં પગ ધોઈને રાજ-તિલક આપે છે, રાજ્ય-ભાગ્ય આપે છે. આ સાક્ષાત્કાર વગેરે બધું ડ્રામામાં નોંધ છે, આમાં આપ બાળકોને મુંઝવાની દરકાર નથી. તમે બાપને યાદ કરો, સ્વદર્શન ચક્રધારી બનો અને બીજાને પણ બનાવો. તમે છો બ્રહ્મા મુખ વંશાવલી સ્વદર્શન ચક્રધારી સાચાં બ્રાહ્મણ, શાસ્ત્રોમાં સ્વદર્શન ચક્રથી કેટલી હિંસાઓ દેખાડી છે. હમણાં બાપ આપ બાળકોને સાચ્ચી ગીતા સંભળાવે છે. આ તો કંઠસ્થ કરી લેવી જોઇએ. કેટલું સહજ છે. તમારું બધું કનેક્શન છે જ ગીતાની સાથે. ગીતામાં જ્ઞાન પણ છે તો યોગ પણ છે. તમારે પણ એક જ પુસ્તક બનાવવું જોઈએ. યોગનું પુસ્તક અલગ કેમ બનાવવું જોઈએ. પરંતુ આજકાલ યોગનો ખૂબ નામાચાર છે એટલે નામ રાખે છે જેથી મનુષ્ય આવીને સમજે. છેવટે તેઓ પણ સમજશે કે યોગ એક બાપથી લગાવવાનો છે. જે સાંભળશે તે પછી પોતાનાં ધર્મમાં આવીને ઊંચ પદ પામશે.અચ્છા.

મીઠા-મીઠા સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદાનાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપની રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સાર :-**

1. પોતાની ઉપર પોતે જ રહેમ કરવાનો છે, પોતાની દૃષ્ટિ ખૂબ સારી પવિત્ર રાખવાની છે. ઈશ્વરે મનુષ્ય થી દેવતા બનાવવાં માટે એડોપ્ટ કર્યા છે એટલે પતિત બનવાનો ક્યારેય ખ્યાલ પણ ન આવે.
2. સંપૂર્ણ, કર્માતીત અવસ્થાને પ્રાપ્ત કરવાં માટે સદા ઉપરામ રહેવાનો અભ્યાસ કરવાનો છે. આ દુનિયામાં બધુંજ જોવાં છતાં પણ નથી જોવાનું. આજ અભ્યાસ થી અવસ્થા એકરસ બનાવવાની છે.

**વરદાન :-** **શ્રેષ્ઠ પાલના ની વિધિ દ્વારા વૃદ્ધિ કરવા વાળા સર્વ ની શુભેચ્છાઓનાં પાત્ર ભવ**

સંગમયુગ શુભેચ્છાઓથી જ વૃદ્ધિ પામવાનો યુગ છે. બાપ ની, પરિવાર ની શુભેચ્છાથી જ આપ બાળકોનું પાલન થઇ રહ્યું છે. શુભેચ્છાઓથી જ નાચતાં, ગાતાં, પલતાં, ઉડતાં જઇ રહ્યાં છો. આ પાલના પણ વન્ડરફુલ છે. તો આપ બાળકો પણ વિશાળદિલ થી, રહેમની ભાવના થી, દાતા બનીને દરેક ઘડી એક-બીજાને ખૂબ સારું, ખૂબ સારું કહી શુભેચ્છાઓ આપતાં રહો - આજ પાલના ની શ્રેષ્ઠ વિધિ છે. આ વિધિથી સર્વની પાલના કરતા રહો તો શુભેચ્છાઓનાં પાત્ર બની જશો.

**સ્લોગન :-** પોતાનો સરળ સ્વભાવ બનાવી લેવો - આજ સમાધાન સ્વરુપ બનવાની સહજ વિધિ છે.

**માતેશ્વરી જી ના અણમોલ મહાવાક્ય**

**“ અડધોકલ્પ જ્ઞાન બ્રહ્માનો દિવસ અને અડધોકલ્પ ભક્તિમાર્ગ બ્રહ્માની રાત ”**

અડધોકલ્પ છે બ્રહ્માનો દિવસ, અડધોકલ્પ છે બ્રહ્માની રાત, હવે રાત પૂરી થઈ સવાર થવાની છે. હવે પરમાત્મા આવીને અંધકારનો અંત કરી અજવાળાની આદિ કરે છે, જ્ઞાન થી છે રોશની (પ્રકાશ), ભક્તિ થી છે અંધકાર. ગીતમાં પણ કહે છે આ પાપની દુનિયાથી દૂર ક્યાંય લઈ ચલો, ચિત્ત ચેન જ્યાં પામીએ.... આ છે બેચેન દુનિયા, જ્યાં ચેન નથી. મુક્તિમાં ન છે ચેન, ન છે બેચેન. સતયુગ ત્રેતા છે ચેનની દુનિયા, જે સુખધામ ને બધાં યાદ કરે છે. તો હવે તમે ચેનની દુનિયામાં ચાલી રહ્યાં છો, ત્યાં કોઈ અપવિત્ર આત્મા જઈ નથી શકતી, તે અંતમાં ધર્મરાજનાં ડંડા ખાઈ કર્મ-બંધન થી મુક્ત થઈ શુદ્ધ સંસ્કાર લઈ જાય છે કારણ કે ત્યાં ન અશુદ્ધ સંસ્કાર હોય, ન પાપ હોય છે. જ્યારે આત્મા પોતાનાં અસલી બાપ ને ભૂલી જાય છે તો આ ભૂલ ભૂલૈયા નો અનાદિ ખેલ હાર જીત નો બનેલો હોય છે એટલે આપણે આ સર્વશક્તિમાન પરમાત્મા દ્વારા શક્તિ લઈ વિકારોનાં ઉપર વિજય પહેરી ૨૧ જન્મોનાં માટે રાજ્ય ભાગ્ય લઈ રહ્યાં છીએં. અચ્છા. ઓમ શાંતિ.